# નોટીસ
## બી.એડ્. પ્રવેશ અંગેની નોટીસ વર્ષ – ૨૦૧૭ – ૧૮
## બીજો પ્રયત્ન

કચ્છ યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૧૭ – ૧૮ માં B.Ed. પ્રવેશ કાર્યવાહી ને અંતે ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં SC,ST,SEBC ની તથા સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં તમામ કેટેગરીની જૂજ સીટો ખાલી હોવાથી પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ તા.૧૫/૭/૨૦૧૭ થી તા.૧૭/૭/૨૦૧૭ સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકાશે અને તા. ૧૮/૦૭/૨૦૧૭ સુધીમાં જાહેર રજાના દિવસો સિવાય કાર્યાલય સમય (૧૧ થી ૨ અને ૩ થી ૪ )દરમિયાન કચ્છ યુનિવર્સિટી એકેડમિક વિભાગ (રૂમ નં. ૧૧૪) માં મળી જાય તે રીતે રૂબરૂ અથવા રજીસ્ટરએડીથી ફોર્મ જમા કરાવવાના રહેશે.

ઓનલાઈન ફોર્મ ભરવા માટેની માહિતી મેળવવા માટેના **હેલ્પલાઈન નં. ૦૨૮૩૨ – ૨૨૯૦૭૫** છે.ઓનલાઈન ફોર્મ ભરવા માટેની સુચના તથા ગાઈડલાઈન / વિષય/મેથડ પસંદગીની સૂચના / અચૂક વેબસાઈટ પર વાંચીને જ ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી કરવી.ખોટી ચોઈસ પસંદગી કરીને ભરેલ ફોર્મની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહી એકવાર પસંદ કરાયેલ કોલેજ તથા વિષય પસંદગીને કન્ફર્મ કર્યા બાદ બદલી શકાશે નહી.

બી.એડ્.ના ફોર્મ કચ્છ યુનિવર્સિટીની વેબસાઈટ kskvku.digitaluniversity.ac પરથી ઓન લાઈન ભરી શકાશે.ફોર્મની હાર્ડકોપી જમા કરાવનાર વિદ્યાર્થીનું નામ મેરીટ યાદિમાં મૂકવામાં આવશે જે વિદ્યાર્થી ફોર્મની હાર્ડકોપી નિયત સમય મર્યાદામાં જમા કરાવશે નહી તેનું નામ મેરીટ યાદિમાં મૂકવામાં આવશે નહી તેની તમામ જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે. અધર યુનિવર્સિટી (કચ્છ સિવાયની) વાળા વિદ્યાર્થીઓએ સૌપ્રથમ કચ્છ યુનિવર્સિટીમાંથી એલીજીબીલીટી સર્ટિફીકેટ ઈસ્યુ કરાવવું ત્યાર બાદ જ ઓનલાઈન ફોર્મ ભરવું તથા ફોર્મની હાર્ડકોપી યુનિવર્સિટીમાં જમા કરાવતા સમયે એલીજીબીલીટીની તથા અન્ય તમામ અસલ પ્રમાણપત્રો અને તેની એક એક ઝેરોક્ષ નકલ સાથે રાખવી ફરજીયાત છે. રજીસ્ટરએડીથી ફોર્મ મોકલનાર વિદ્યાર્થીએ પોતાના તમામ પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ ફોર્મ સાથે બીડવી ફરજીયાત છે.

બી.એડ્. પ્રવેશની બીજા પ્રયત્નની મેરીટ યાદી યુનિવર્સિટીની વેબસાઈટ પર તા. ૨૨/૭/૨૦૧૭ ના રોજ મુકવામાં આવશે તથા તા. ૨૪/૭/૨૦૧૭ ના સવારે ૧૦:૦૦ કલાકે બીજા રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી યુનિવર્સિટી ખાતે કરવામાં આવશે તે સમયે પ્રવેશ ઈચ્છુક અને પ્રથમ પ્રયત્ને પ્રવેશ ન મળ્યો હોય તે તથા જેમણે રી સફલીંગ માટે ફોર્મ ભરેલ છે તમામ ઉમેદવારો ઉપસ્થિત રહી શકશે તેમને અલગથી ફોર્મ ભરવાની જરૂરીયાત નથી. ઉપસ્થિત ન રહેનાર તેઓનો પ્રવેશનો હક ગુમાવશે. પ્રવેશ કાર્યવાહી સંપૂર્ણ મેરીટના આધારે કરવામાં આવશે. ફોર્મ ભરવા માટે સ્નાતક કક્ષાએ ૫૦% જયારે SC / ST/ OBC કેટેગરી માટે ૪૫% હોવા જરૂરી છે.

**સુચનાઓઃ–**

(૧) પ્રવેશ માટે આવનારા ઉમેદવારોને પ્રવેશ મળવાની માત્ર સંભાવના છે. પ્રવેશ મળશે જ એમ માનવું નહિં કારણ કે કુલ બેઠકો કરતા કેટલાક ગણા વધુ ઉમેદવારોને બોલાવામાં આવેલ છે. એટલે પ્રવેશ ન મળે તો તે અંગે કોઈ મૌખિક/લેખિત ફરિયાદ સાંભળવામાં આવશે નહિ.
(૨) પ્રવેશ મળ્યા બાદ પ્રવેશ કોઈપણ સંજોગોમાં રદ થઈ શકશે નહી. તેમજ અન્યત્ર તબદીલ પણ થઈ શકશે નહી, તેથી સંસ્થા અંગે ખુબ વિચારીને ઉપલબ્ધ જગ્યાઓના આધારે અંતિમ નિર્ણય લેવો.
(૩) પ્રવેશ સમયે ધોરણ – ૧૨ થી અનુસ્નાતક કક્ષા સુધીના તમામ મુળ ગુણ પત્રકો, મુળ શાળા છોડયાનું પ્રમાણપત્ર તથા પછાત વર્ગના હોવાનાં મુળ પ્રમાણપત્રો ફરજિયાત લાવવાના રહેશે. અન્યથા પ્રવેશ મળશે નહિ.
(૪) SEBC ના ઉમેદવારોને પ્રવેશ સમયે ક્રિમીલેયર ( ઉન્નતવર્ગ) માં નથી આવતા તે મતલબનું તા.૧/૪/૨૦૧૬ પછીનું અદ્યતન પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. અન્યથા તેમનો પ્રવેશ રદ થવાને પાત્ર રહેશે. તેની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહિ.
(૫) પ્રવેશ મેળવવા માટે ઉમેદવારોએ સમયસર સ્વખર્ચે અચુક હાજર રહેવું અને સાથે પોતાનું ઓળખકાર્ડ અચુક રાખવું. પ્રવેશ કાર્યવાહી વેળા ઉપસ્થિત ન હોય તેવા કોઈ પ્રવેશાર્થીની પ્રવેશ સબંધી કોઈ રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહિ.
(૬) અનામત કેટેગરીના વિદ્યાર્થી કે જે જનરલ કેટેગરીમાં દર્શાવેલ મેરીટ કરતા વધુ મેરીટ ધરાવતા હોય તો તેઓએ પણ અવશ્ય હાજર રહેવું.
(૭) અધર યુનિવર્સિટીના જે વિદ્યાર્થીઓએ B.Ed. ના પ્રવેશ ફોર્મમા આ યુનિવર્સિટીનું એલીજીબીલીટી સર્ટીફિકેટ જોડેલ ન હોય તેમના પ્રવેશ ફોર્મ નિયમાનુસાર સ્વીકારવામાં આવેલ નથી.
(૮) વિદ્યાર્થીએ પ્રવેશ મેળવવા ઉપરોકત વિગતે દર્શાવેલ પ્રથમ સત્રની ફી રોકડમાં જમા કરાવવાની રહેશે, જે વિદ્યાર્થીઓ ફી જમા નહિ કરાવે તેમને એડમિશન મળશે નહી.
(૯) ઉપરોકત તારીખોએ વિદ્યાર્થી પોતાનુ મેરીટ લીસ્ટ યુનિવર્સિટીના નોટીસબોર્ડ પરથી જોઈ શકશે.

ઈ.ચા.કુલસચિવ